શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

ફેબ્રુઆરી - ૨૦૦૭'

છુટક નકલ રૂા. ૧/-

## ભ્રમ તૂટવો જોઈએ

૫૦
૧૯૫૬ - ૨૦૦૬
જ્યોતિ-પૂંજ

દરેક અઠવાડિયે આશરે પાંચ હજાર નવાં પુસ્તકો જગતમાં છપાય છે. જગતમાં પ્રત્યેક અઠવાડિયે હજારો ગ્રંથોનું પ્રકાશન થાય છે..... કેટલું લખાય છે, કેટલું છપાય છે, કેટલું વંચાય છે, કેટલું બોલાય છે પણ શું માનવજાત શાંત, સરળ અને સુખી દેખાય છે ? પુસ્તકો વધતાંજ જાય છે પણ શું અજ્ઞાન ઘટતું દેખાય છે ? જીવના વિકારો જોઈને તો એવું લાગતું નથી કે તેનામાં જ્ઞાનની વૃદ્ધિ થઈ હોય. જ્ઞાન વધે તો અજ્ઞાન અને અહંકાર ઘટતાં દેખાવા જોઈએ. તેને બદલે, જ્ઞાન વધતાં અજ્ઞાન વધતું હોય એવું લાગે છે; સરળતા અને નમ્રતા ઘટતાં હોય એવું લાગે છે. જો તે જ્ઞાન હોય તો સરળતા અને વિનમ્રતા ઘટતાં કેમ જણાય છે ? જો તે જ્ઞાન હોય તો અહંકાર તેમજ સંઘર્ષ વધતો કેમ જણાય છે ? શબ્દજ્ઞાનને જ્ઞાન માની લેવાથી જ તો પંડિતોમાં અહંકાર દેખાય છે ! બે પંડિતોનું ભેગું થવું શક્ય નથી, બે સાધુઓનું ભેગું થવું કઠિન છે, કારણ કે બન્નેના અહંકાર ટકરાય છે. તથાકથિત જ્ઞાનના કારણે બે વ્યક્તિઓ વચ્ચે મોટી દીવાલ ઊભી થાય છે. જ્ઞાન જોડે છે, અજ્ઞાન તોડે છે. જો આપણે તૂટતાં જઈએ છીએ તો એનો અર્થ એ છે કે જ્ઞાનના નામ પર આપણે જેનું પોષણ કરીએ છીએ એ ખરેખર અજ્ઞાન જ છે.

- સંકલન

# કાર્યવાહક સમિતિ વર્ષ ૨૦૦૬-૨૦૦૭

| | | | ટેલી નં. (ઘર) | ટેલી. નં. (ઓફિસ) | ફેક્સ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧) | શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ | પ્રમુખ | ૨૩૮૬૯૮૨૧/૨૨૯૦૯૭૧૮ | ૨૩૪૪૭૫૮૪ | – | ૯૮૨૦૧૫૭૩૩૫ |
| ૨) | શ્રી ભદ્રેશ પ્રવિણચંદ્ર ધારીયા | ઉપપ્રમુખ | ૨૩૮૭૫૩૮૦ | ૨૩૪૪૫૨૫૧ | – | ૯૮૩૩૦૭૦૬૫૦ |
| ૩) | શ્રી પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીઆ | મંત્રી | ૨૩૮૬૫૭૬૯/૨૩૮૮૫૨૭૯ | ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫ | ૨૨૦૮૪૧૧૦ | ૯૮૧૯૩૮૯૪૮૪ |
| ૪) | શ્રી નીતીન સુરેન્દ્ર પરીખ | સહમંત્રી | ૨૪૯૪૭૯૪૫ | ૨૩૮૨૯૭૭૦/૨૩૮૭૧૬૧૦ | ૨૩૮૯૧૩૬૧ | ૯૮૬૯૦૧૦૧૪૦ |
| ૫) | શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી | સહમંત્રી | ૨૬૨૦૩૧૭૪ | ૨૩૮૬૪૪૭૯ | ૨૬૨૦૩૧૭૪ | ૯૮૧૯૩૪૨૮૫૬ |
| ૬) | શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદી | ખજાનચી | ૨૮૯૧૩૪૭૨/૨૮૯૧૪૯૫૬ | ૨૮૨૯૧૮૯૩ | – | ૯૮૨૧૨૯૪૮૬૪ |
| ૭) | શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ | ટ્રસ્ટી | ૨૩૮૦૦૭૬૨ | ૨૨૦૬૯૧૯૬ | ૨૨૦૮૫૯૧૪ | ૯૮૨૦૦૮૦૧૯૪ |
| ૮) | શ્રી જયપ્રકાશ નવીનચંદ્ર કડકીયા | ટ્રસ્ટી | ૨૪૯૫૦૭૧૪ | ૨૩૪૩૪૧૭૭/૨૩૪૪૩૬૯૮ | ૨૩૪૨૦૮૯૯ | ૯૮૨૦૦૫૮૪૦૫ |
| ૯) | શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ | ટ્રસ્ટી | ૨૩૮૮૫૧૩૧ | ૨૨૦૬૫૯૯૨ | ૬૬૩૫૬૭૦૫ | ૯૮૨૧૫૪૪૯૫૦ |
| ૧૦) | શ્રી જસવંતલાલ કોદરલાલ પરીખ | ટ્રસ્ટી | ૨૬૮૪૦૨૦૫ | ૨૨૭૮૨૮૦૧ | – | – |
| ૧૧) | શ્રી રૂપીન પુનમચંદ કડકીઆ | સભ્ય | ૨૩૫૧૫૪૯૪ | ૨૩૪૨૦૨૨૦/૨૩૪૫૭૨૭૩ | – | ૯૮૨૧૦૩૯૦૮૭ |
| ૧૨) | શ્રી જીતેન્દ્ર પ્રવીણચંદ્ર પારેખ | સભ્ય | ૨૩૮૬૮૧૭૯ | ૨૨૦૦૬૬૦૧/૨૨૦૦૬૬૦૨ | – | ૯૮૬૯૦૦૨૪૪૦ |
| ૧૩) | શ્રી શીરીષ જગમોહનદાસ પરીખ | સભ્ય | ૬૫૦૬૯૮૦૬ | ૨૩૮૬૦૦૨૯ | ૨૩૮૨૫૦૨૫ | ૯૮૬૯૧૬૩૩૦૫ |
| ૧૪) | શ્રી કીર્તી હીરાલાલ કડકીઆ | સભ્ય | ૨૩૮૫૭૬૮૯ | C/o. ૨૨૦૫૩૪૭૬ | – | ૯૮૨૧૦૨૯૨૭૦ |
| ૧૫) | શ્રી શશીકાંત સાંકરલાલ શાહ | સભ્ય | ૨૮૬૧૭૭૦૭ | – | – | ૯૮૨૦૭૯૭૬૫૦ |
| ૧૬) | શ્રી જાસ્મીન બીપીનચંદ્ર શેઠ | સભ્ય | ૬૬૩૩૩૦૮૫ | ૬૬૩૭૮૩૮૧ | – | ૯૮૨૦૮૩૦૦૬૦ |
| ૧૭) | શ્રી અજીત નટવરલાલ મોદી | સભ્ય | ૨૨૦૯૦૧૫૧ | ૨૨૦૨૫૧૬૬ | – | ૯૮૬૯૦૨૯૪૮૬ |
| ૧૮) | શ્રી શૈલેષ નટવરલાલ કડકીઆ | સભ્ય | ૨૨૦૬૯૯૮૮/૨૨૦૬૯૯૮૫ | ૨૩૮૦૬૯૬૪ | – | ૯૮૧૯૨૭૬૯૭૦ |
| ૧૯) | શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય | ૨૮૦૫૦૭૩૫/૩૨૯૬૯૫૩૮ | ૨૩૪૪૭૩૮૨/૩૨૪૫૭૮૪૫ | ૨૮૦૫૦૭૩૫ | ૯૮૨૦૦૧૧૫૮૬ |
| ૨૦) | શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ | સભ્ય | ૨૮૦૭૧૪૦૬ | ૨૨૦૮૯૧૩૮ | ૨૨૦૬૩૯૪૧ | ૯૮૧૯૫૦૭૪૫૨ |
| ૨૧) | શ્રી કલ્પેશ કિર્તનલાલ ધારીયા | સભ્ય | ૨૬૭૭૮૭૫૨ | ૨૨૦૬૧૫૧૪/૫૬૩૩૬૦૬૧ | – | ૯૮૨૦૫૯૭૧૪૯ |
| ૨૨) | શ્રી નીમીષ બાબુલાલ ગાંધી (પાકા) | સભ્ય | ૨૮૦૭૬૧૮૮ | ૨૩૪૫૭૮૨૧ | – | ૯૮૨૧૧૬૪૭૩૧ |
| ૨૩) | શ્રી નીપીન નવનીતલાલ પરીખ (બપલી) | સભ્ય | ૨૪૯૩૨૨૩૧ | ૨૩૭૨૪૫૨૮ | ૨૩૭૨૫૩૦૭ | ૯૮૧૯૩૨૪૫૨૮ |
| ૨૪) | શ્રી નિલેશ નવનીતલાલ શાહ | સભ્ય | ૨૮૯૨૬૪૯૧ | ૨૨૦૮૮૯૬૫ | ૨૨૦૩૪૮૭૩ | ૯૮૩૩૮૪૧૮૦૧ |
| ૨૫) | શ્રી મંજુલ શૈલેશ ધારીઆ | સભ્ય | ૨૩૬૩૩૩૪૫ | ૬૫૮૦૨૪૪૧ | ૨૪૯૩૩૬૧૮ | ૯૮૨૦૧૩૫૦૧૪ |
| ૨૬) | શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ | સભ્ય | ૨૮૦૭૮૩૬૪/૫૬૨૬૨૮૮૫ | – | – | ૯૩૨૪૪૦૭૬૯૮ |
| ૨૭) | શ્રી નીખીલ બોબુલાલ પરીખ | તંત્રી | ૨૩૮૨૨૫૧૦ | ૨૪૪૪૯૯૨૯ | ૨૪૪૪૯૯૧૬ | ૯૮૨૧૩૨૬૪૩૨ |
| ૨૮) | શ્રી ભરત કાંતિલાલ પરીખ | કો.ઓપ્ટ. | ૨૮૭૦૩૧૪૨ | – | – | ૯૮૬૯૧૨૬૦૧૮ |
| ૨૯) | શ્રી સંજય જયંતિલાલ શાહ | કો.ઓપ્ટ. | ૨૪૯૮૫૪૭૨ | ૨૩૮૫૧૮૩૭ | – | ૯૮૨૦૩૪૧૩૭૦ |
| ૩૦) | શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધી | કો.ઓપ્ટ. | ૩૨૯૭૬૪૬૯ | ૨૨૦૬૦૨૯૪ | ૨૨૦૩૮૦૭૭ | ૯૮૨૦૪૯૬૫૩૪ |
| ૧) | શ્રી નીના નીકુંજ કડકીઆ (મહિલા વિભાગ) | | ૨૩૬૭૩૪૨૦ | ૨૩૪૧૧૯૨૫/૨૩૪૫૭૦૦૧ | – | ૯૮૨૦૨૭૭૭૮૯ |

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૯ | ૧૧ | ૧૪-૨-૨૦૦૭ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન** : ૨૪૪૪ ૯૯૧૬ • ૨૪૪૪ ૯૯૨૯

*

**મંત્રી : પ્રદીપ કડકીઆ**

ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.

**ટે.**(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫

(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# મુઝસે દોસ્તી કરોગે ?

*તંત્રી સ્થાનેથી*

ડેડ! કેવા બોરીંગ કપડાં પહેરો છો? નથી કલર કોમ્બીનેશનના ઠેકાણા. ઓફિસે પણ રોજ એ જ અને રજાના દિવસે પણ એજ. ચેન્જ ડેડ નવા જમાનાની સાથે થોડા તો બદલાવ. મમ્મી પણ એ જ સાડી ને ચુડીદાર ડોન્ટુ યુ ગેટ બોર?

હા તો એમાં શું ખોટું છે? તારી જેમ લાંબી બાંયના ટીર્શનીય ઉપર બીજુ ટી શર્ટ ને, ખુલ્લા શર્ટ, ને ઉંધા ટી શર્ટ પહેરું? અને કલરની વાતો કરે છે છોકરો થઈને લાલ ને લીલા ને કેસરી કલર પહેરે છે ને તારી બેન, સાવ ફાટેલા જીન્સ ને ઉપર અડધીયા, આ પેટ અને પેન્ટી દેખાય એવા કપડાંને તમે ફેશન કહો છો? કપડાં શરીર ઠાંકવા પહેરો છો કે દેખાડવા? ફક્ત વીસ પચ્ચીસ વર્ષના અંતરે બે પેઢીના વિચારોનું આ છે પરિવર્તન. આ તો ફક્ત કપડાંની વાતો થઈ. મ્યુઝીકમાં પણ આજ ગેપ. નવા જનરેશનને ફાસ્ટ મ્યુઝીક ગમે તો જુનાને સ્લો અને શાસ્ત્રીય. જોકે એનો રસ્તો નવા જનરેશને રીમીક્સ દ્વારા શોધી લીધો છે પણ મ્યુઝીક આલ્બમોમાં આઈટમ ગર્લ દ્વારા અશ્લીલ ડાન્સ ઉપર જુના ગીતોના રીમીક્સે ગીતોની વાટ લગાવી દીધી છે પણ એ બહાને નવું જનરેશન જુના ગીતો યાદ તો કરે છે.

જમાનો હવે વર્ષોમાં નહી મહિનાઓમાં બદલાય છે. દસ વર્ષમાં ટેલી કમ્યુનીકેશન, એમાં કોમ્પ્યુટર્સ, મોબાઈલ, ટી.વી. ચેનલો બધુ જ આવી ગયું. આ બધામાં આસમાન જમીનનો ફરક આવી ગયો અને હજી રોજે રોજ એમાં બદલાવ આવે છે. દુકાનો મોલમાં બદલાતાં

દસ વર્ષ પણ નથી લાગ્યા. આજનું જનરેશન ઘણું ફાસ્ટ છે. પહેલાં આપણે આપણા દેશવાસીઓ સાથે સ્પર્ધામાં હતાં હવે સ્પર્ધા વિશ્વસ્તરે પહોંચી છે. આજનું જનરેશન ઘેર બેઠાં બેઠાં ઈન્ટનેરથી ઘણું શીખે છે. ભણતર અને ઉચ્ચ શિક્ષણની કિંમત તેઓને ફક્ત ડીગ્રી લેવા પુરતી નથી તેઓનું કેરીયર નું લક્ષ્ય નક્કી હોય છે. જો કે કોલ સેન્ટરો, શેરબજાર અને Mcx ના સટ્ટા બજારમાં જવાવાળી નવી પેઢી ઓછી મહેનતે વધુ પૈસા મળવાથી શિક્ષણ પ્રત્યે બેધ્યાન બને છે પણ આવા લોકો ઓછી સંખ્યામાં છે. ઈન્ટરનેટથી જ્ઞાન માટેના દરવાજા ખુલ્યા છે પણ એની સાથે ધણા બધા દુષણો પણ ઘુસી ગયા છે. મોબાઈલ સાથે સગવડો વધી છે પણ SMS દ્વારા અશ્લીલતા પણ ફેલાઈ રહી છે. બે વ્યક્તિ વચ્ચે કમ્યુનીકેશન વધ્યું છે પણ સંબંધોની દુરી વધી છે. ઉચ્ચ શિક્ષણથી સારી કેરીયર અને આરામદાયક જીંદગી જીવવાની દોડમાં નાગદેવી, લુહારચાલની દુકાનો બંધ થવા લાગી છે. આ દુકાનોવાળાના બાળકો ક્યાં તો પરદેશ જતાં રહ્યા છે ક્યાં તો મલ્ટીનેશનલ કંપનીઓમાં સારા પગારે નોકરીએ લાગી ગયા છે થોડા અપવાદો બાદ કરતાં આજની પેઢી વેપારી સાહસિકતા ગુમાવી રહી છે.

બીજો ગેપ ધાર્મિકતામાં દેખાય છે. ધર્મના જડ રીવાજો અને રૂઢિચુસ્તતાને લીધે યુવાનો ધર્મથી વિમુખ થતા જાય છે. પણ ભગવાનમાં શ્રધ્ધા વધી છે. મંદિરોમાં દર્શન કરવા જતા યુવાનો વધ્યાં છે. જોકે આમાં ભૌતિક સુખ મેળવવાની આશા અને મળ્યું હોય એ ટકી રહે અથવા વધુ મળે એવી આશા સાથે આવતાં યુવાન વધુ હોય છે. તેઓને ભગવાન સાથે વાત કરવા માટે પંડિતોની કે વચેટીયાઓની જરૂર નથી. તેઓ દરેક ધર્મના સારા વિચારો અપનાવે છે અને દરેક ધર્મના મિત્રો રાખે છે. આંતરજ્ઞાતિય લગ્નોથી આગળ વધીને બીજા ધર્મો વચ્ચેના લગ્નો પણ થવા લાગ્યા છે. (જો કે આ પછીની વાસ્તવિકતાની વાતો અહીં નથી કરવી) દુનિયા નાની ને નાની થતી જાય છે. જેમાં રૂઢિચુસ્તતા અને જડ ધાર્મિક રીવાજોને સ્થાન નથી.

હમણાં લગ્ન બાબતમાં જુની પેઢી માટે સારા સમાચાર આવ્યા છે. એક સર્વેક્ષણ પ્રમાણે આજે યુવાનો ફરીથી અરેન્જ મેરેજ તરફ વળ્યા છે. તેઓ પોતાના મા - બાપની પસંદગીને મહત્વ આપતાં થયા છે. છોકરા છોકરીઓ મિત્રો બનીને હરે ફરે છે પરંતુ લાંબા સમયનાં સંબંધો માટે તેઓ હવે મા બાપ સામે જોતા થયા છે. એમાં ય મા બાપ પ્રત્યેની શ્રધ્ધા છે કે પોતાની નિર્ણય શક્તિમાં અવિશ્વાસ કે પછી ભવિષ્યના પરિણામોમાં પોતાની જવાબદારી ઓછી કરવાની વાત એ ચર્ચાનો વિષય છે, પરંતુ મા બાપની ફરજ છે કે પોતાના અનુભવો દ્વારા સારા સંસ્કારી કુટુંબની પસંદગી કરીને પોતાના સંતાનોને જીવનસાથી શોધવામાં મદદ કરવાની અને પછી તેઓને એકબીજાને સમજવાનો, જાણવાનો મોકો આપવાની. એરેન્જ કમ લવ મેરેજ.

જુની પેઢીને નવી પેઢીમાં પ્રેમની અભિવ્યક્તિનો ફરક પણ નડે છે. અમારા જમાનામાંતો વડીલોને પગે લાગતાં, વહુઓ સસરાનું માથે ઓઢતી, દીકરીને પણ બાપ પ્રેમથી ભેટી ન શકતો. પતિ પત્ની પણ વડીલોની હાજરીમાં સાથે ન બેસી શકતાં અને આજે બધા એકબીજાને ભેટીને મળે છે. ગાલથી ગાલ લગાવીને એકબીજાને આવકારે છે. દીકરી બાપને ગળે વળગીને વ્હાલ કરે છે. પતિ પત્ની પણ પ્રેમની અભિવ્યક્તિ કીસ દ્વારા વ્યક્ત કરે છે. પહેલાં આમાન્યાને નામે આ બધુ શકય નહોતું પરંતુ મનમાં વિકારના ભાવ ન હોય તો સ્પર્શ દ્વારા પ્રેમની અભિવ્યક્તિ થાય એમાં ખોટું શું છે અને વિકારવાળો સ્પર્શ કે આંખો આજની સ્ત્રીઓ સહજ સમજી શકે છે.

આજની પેઢીમાં કૌટુંબીક બોન્ડીંગ નથી એવી પણ ફરિયાદ થાય છે. પરંતુ પહેલાં છ સાત ભાઈ બહેનો, મામા

માસીઓ, કાકા કાકીઓનું કુટુંબ કહેવાતું આજે એક ભાઈ, બહેન એકાદ કાકા કે માસીનું નાનું કુટુંબ કહેવાય છે અને મા બાપને બાળકોનું ન્યુકલીયલ ફેમીલી કહેવાય છે. એટલેકુટુંબની બહારના સંબંધો વધ્યા છે. કુટુંબની ભાવના ઓછી નથી થઈ પણ એ ભાવના ફર્સ્ટ કઝીન સુધી મર્યાદીત બની છે. સરખે સરખા કઝીન મિત્રતાથી કોટુંબીક સંબંધો નીભાવે છે. બાકીની કુટંબ ભાવના વર્ષમાં થતી કુટંબની બે ચાર મિટીંગો દ્વારા સચવાય છે.

આ જનરેશન ગેપ વર્ષોથી નહી જમાનાઓથી ચાલતો આવ્યો છે. દરેક નવા જનરેશનને વડીલો પછાત અને વેદિયા લાગે છે. જુનવાણી પણ લાગે છે અને દરેક વડીલોને યુવાનો ઉછાંછળા, અસભ્ય અને નાદાન લાગે છે. જમાનો જે ઝડપથી આગળ વધે છે એ જોતાં આ ગેપ પુરાવો શક્ય નથી પરંતુ એકબીજાને સમજીને કામ લેવાય તે આ ગેપ થોડો ઘણો ઓછો થઈ શકે. યુવાનો ખુબ જ ઝડપથી આગળ વધવામાં માને છે. થોડા સમયમાં એ લોકોને બધું જ મેળવી લેવું છે. એમને મેરેથોન રેસમાં રસ નથી. ટેસ્ટ મેચોમાં રસ નથી. જીંદગીને વર્ષોની દ્રષ્ટિએ વિચારીએ તો એ ખુબ લાંબી મજલ છે. ફાસ્ટ દોડીએ તો અધવધ્ધે જ થાકી જવાય. પણ યુવાનોને ફાસ્ટ દોડવું છે. એકબીજાથી આગળ થઈ જવું છે. જીંદગીની બધી જ મઝા જલ્દી જલ્દી માણી લેવી છે. લાંબા સયમનું વિચારવું તેઓને ગમતું નથી. સંબંધોનું પણ એવું જ. આજે ચેટીંગ, કાલે મીટીંગ, એકાંત શોધીને ડેટીંગ અને ના ફાવે તો બીજુ સેટીંગ, ક્યાં અટકવું અને કેટલું આગળ વધવું એનું ભાન ભુલાઈ જાય છે. આવી ફાસ્ટ લાઈફ પછી સ્ટ્રેસ, હાઈપર ટેન્શન અને બિમારી તરફ દોરી જાય અને ચાલીસ પચાસ વર્ષે રીટાયર્ડ થવાની વાતો થવા લાગે છે. નવું બધુ ખરાબ નથી અને જુનુ બધુ સારુ નથી. બંન્નેમાં સારી અને ખરાબ બાબતો છે. જુની પેઢીએ નવી પેઢીના નવા જમાનાના વિચારો પરિવર્તનો સમજવાની અને સારી વસ્તુઓને અપનાવવાની જરૂર છે. યુવાનોની સાથે કદમ મિલાવીને ચાલવાની જરૂર છે અને સાથે રહીને સાચો રાહ દેખાડવાની જરૂર છે. પોતે બદલાયા વગર યુવાનોને બદલી શકવાની આશા વધુ પડતી છે. યુવાનોએ પણ જુની પેઢીને સમજવી જરૂરી છે. વિચારો અને જીવન પ્રત્યેની દ્રષ્ટિ, ઉંમરની સાથે સાથે બદલાય છે. ૧૬ વર્ષની ઉંમરે જે સારુ દેખાય એ ૪૬ની ઉંમરે ના પણ દેખાય. ઉંમરની સાથે થતા અનુભવો અને આવતી પરિપકવતા જીવનને જુદી દ્રષ્ટિએ અને વધુ સ્પષ્ટ જોઈ શકતી હોય છે. આમ જો બન્ને પેઢી એકબીજાને સમજીને આગળ વધે તો સાથે ચાલતાં ચાલતાં દોસ્તી થઈ જશે અને દોસ્તને સમજવાનું અઘરું નહી પડે.

તો ચાલો આજે જ આપણા સંતાનો અને મા-બાપ એકબીજાને પૂછીએ મુઝસે દોસ્તી કરોગે?

- ***નિખિલ પરીખ***

આજ વાત કેતન પરીખે કવિતામાં કહી છે.

*જમાનાએ કીધું જમાનાને, જોને કેવો તું બદલાયો*
*નહતો વખત અમારો આવો, હતો હું તો બહુ ડાહ્યો*
*બદલાયા સમય અને સંજોગો, બદલાવને પગલે આવે પ્રગતિ*
*ગીત નથી આ નવું કોઈ, રાગ દરેક પેઢીએ આજ ગાયો*
*ઝડપ કરે જો એક ફલાંગ કાલ અને*
*થાય આજ પણ એક ડગલું ધીમું*
*ઘટશે અંતર અને રહેશે પેઢીઓ*
*બની એક મેકનો 'અમર' પડછાયો.*

## હાર્દિક અભિનંદન

શ્રી જીતુભાઈ શાહ (કોચીન)ની શ્રી કોચીન વૈષ્ણવ મહાજનના પ્રમુખપદે વરણી થઈ છે. ઉપરાંત શ્રી દક્ષિણ ભારતીય ગુજરાતી સેવા ટ્રસ્ટના જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે પણ તેમની નિમણૂક થઈ છે અને તેઓ શ્રી રામેશ્વર ગુજરાત ભવન તેમજ કન્યાકુમારી ગુજરાત ભવન સહિત સમસ્ત દક્ષિણ ભારતનું નેતૃત્વ સંભાળશે. ભાઈ શ્રી જીતુભાઈને ખૂબ ખૂબ અભિનંદન.

# મારી ૫૦મી વર્ષગાંઠમાં આવશો ?

હું જ્યૌતિપુંજ, છેલ્લા ૫૦ વર્ષૌથી હું તમારા ઘરની દર મહિને નીયમીત મુલાકાત લઉં છું. આપણે દર મહિને મળીએ કે ના મળીએ તમારી ઈચ્છા હોય કે ન હોય કોકવાર તો વાતો થાય જ છે. હું તમને ગમું કે ન ગમું પરંતુ એકાદ આવી મુલાકાત યાદ હોય તો, મારી ૫૦ મી વર્ષગાંઠ નિમિત્તે હું તમને સહર્ષ આમંત્રણ આપું છું. જો તમે મારી વર્ષગાંઠની ઉજવણીમાં ભાગ લેશો તો મને વધુ ગમશે. મને સંતોષ થશે કે તમે મારો સ્વીકાર કર્યો. તો આવશોને જુન ૨૦૦૭માં દિવસ અને સ્થળ હું તમને આગામી મુલાકાતમાં જણાવીશ.

આ ઉજવણીમાં ભાગ લેવા માટે તમારે તમારું ૭ કે ૮ જણાનું ગ્રુપ બનાવવાનું છે, ગરબો, ફીલ્મી ગીત, થીમ ડાન્સ, ભાંગડા, બાંબુ ડાન્સ વગેરે વગેરેમાંથી કોઈ પણ આઈટમ નંબર (૬ થી ૭ મિનિટ મેક્સીમમ) આપી શકાશે. આ પ્રોગ્રામમાં બીજા અન્ય પ્રોગ્રામનો સમાવેશ કરવાનો હોવાથી ફક્ત ૯ થી ૧૦ ગ્રુપને લેવામાં આવશે. તમારે તૈયારી તમારી રીતે કરવાની રહેશે.

ફાઈનલ સીલેકશન કરતાં પહેલાં જે ગ્રુપનો પ્રોગ્રામ સારામાં સારો હશે એના ગ્રુપને ચાન્સ મળશે. તો આવો જલદી કરો. તમારા નામ લખાવશો. (ગ્રુપ બનાવીને અને શું આઈટમ આપવાના છો એ લખીને).

કન્વીનર શ્રી જતીન ન. દેસાઈ, ફોન : ૯૮૨૦૦ ૪૯૧૩૪, ૨૨૦૦ ૧૬૫૯. સંસ્થાની ઓફિસમાં સમય દરમિયાન અથવા તંત્રી શ્રી નિખીલ બા. પરીખ - ફોન : ૯૮૨૧૩ ૨૬૪૩૨, ૨૪૪૪ ૯૯૨૯.

આ જ દિવસે ૧૯૫૭ થી શરૂ થઈ ૨૦૦૭ સુધી મને (જ્યૌતિ પુંજ) ને ૫૦માં વર્ષમાં પહોંચાડનાર તેમના હયાત તંત્રીઓનું સન્માન કરીશું. જેમના નામો નીચે મુજબ છે.

(૧) શ્રી પ્રવીણ સાકરલાલ દેસાઈ ૧૯૫૭ થી ૧૯૬૦. (૨) શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી) ૧૯૬૧ થી ૧૯૬૩ - ૧૯૬૯ થી ૧૯૭૧. (3) શ્રી જયંતિલાલ ચંદુલાલ કડકીઆ (મરઘાં) ૧૯૬૭. (૪) શ્રી પ્રવીણચંદ્ર લલ્લુભાઈ પરીખ (રોકડીઆ) ૧૯૬૮, (૫) શ્રી રસીકભાઈ પરીખ (તાતીઆ) ૧૯૬૮-૧૯૬૯ (૬) શ્રી કિરીટકુમાર ચંદુલાલ પરીખ (સરકાર) ૧૯૭૨, (૭) શ્રી પંકજ કિર્તનલાલ શાહ ૧૯૭૭ થી ૧૯૮૧, (૮) શ્રી ઊર્વિશ રસિકલાલ મોદી (દેવ), ૧૯૮૨ થી ૧૯૮૭, (૯) શ્રી નિખીલ બાબુલાલ પરીખ ૧૯૮૮ થી ૨૦૦૭.

આ પ્રોગ્રામને પણ ખૂબ જ સુંદર રીતે ઊજવશું. ફરી એક વખત તમારા સાથ-સહકારની અપેક્ષા છે.

**- કન્વીનર : જતીન નવનીતલાલ દેસાઈ**

# યુવા રહો નિત્ય એ જ્યોતિપૂંજ

બાલાસિનોર નવયુવક સંઘ કેરા,
સંદેશ, કાર્યસુચિ ધ્યેય વિચારધારા,
ફેલાવા સહુય તે, મૂખપત્ર રૂપે,
છે 'જ્યોતિપૂંજ' પહોંચતુ અર્ધશતાબ્દિએ

આજે વસે કંઈક દેશ વિદેશ માંહે
''ના કો ભૂલે'' વતનનને બસ એ તમન્ના
આ એક માધ્યમ સદા ગમતુ સહુને
તાજી કરે વતનની કંઈ સ્મૃતિઓને

લેખો કંઈક કવિતા વળી હો' પ્રસંગો
તેજસ્વી તારક તણી ચમકે પ્રતિભા,
સિધ્ધી રૂપે સફળતા સહુની વખાણે,
એ સૌ પ્રશસ્તિ પથરાય છે 'જ્યોતિપૂંજે'

બાલાસિનોર બગીચે ફૂલ ખીલતાં જે
એની સુવાસ પ્રસરાવતુ જ્યોતિપૂંજ
વર્ષો જતાં ઘણુ બધુ બદલાઈ જાશે
એ જ્યોતિપૂંજ સ્થિર ઉજવશે શતાબ્દિ

બાલાસિનોરના ભાઈ બહેનોએ વિદેશમાં
પણ પોતાની આગવી બુધ્ધી પ્રતિભા ચમકાવી
જે માન સન્માન મેળવ્યાં છે તેમનો ખ્યાલ અને
પરિચય સહુને જ્યોતિપૂંજ વડે થાય છે.
એ સર્વ બાલાસિનોરની બગીચાનાં મોંઘેરાં ફૂલો છે.

*- કાન્તિલાલ વી. શાહ*

## એક સુધારો

જાન્યુઆરી ૨૦૦૭ના જ્યોતિપૂંજ માસિકના અંકમાં દાતાશ્રીનું નામ સુધારીને નીચે પ્રમાણે વાંચવું **શ્રી પરાગ સતીષભાઈ પરસોત્તમદાસ પરીખ (રોકડીઆ) રૂા. ૧૦૦,૦૦૦/-**

## બાપુનુ સ્વપ્ન

બાપુ કલીયુગમાં કમાલ થઈ
સત્યુગમાં રામ નામે પથ્થર તરીયા,
આજ તમારા સિધ્ધાંતે ધનવર્ષા!
ખરેખર, આ ચમત્કાર સરજ્યો, 'લગે રહો'
હા, શુન્યમાંથી શરૂઆત થઈ,
તમને બાપુ માનતા કે પુજતા થયા કે શું?
સ્વપ્ન સાકાર થશે તો
રામ રાજ નહિ તો ગાંધી રાજ ફરી આવશે!
બાપુ આ દિવા સ્વપ્ન છે કે શું?

*''ચાંદશા'' ચંદ્રકાંત શાહ (ચટઈ)*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત

**ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો ઓ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.**

**શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.**

**Only for Ladies :**
**Every Thursday 3 to 5 p.m.**
**By Appointment**

વધુ વિગત માટે સંપર્ક કરો.

**મંજુલ શૈલેષ ધારીઆ**

✆ : ૨૪૯૩૩૬૧૮ • ૬૫૮૦૨૪૧
૯૮૨૦૧૩૫૦૧૪

# દસમો ભાગ

પૈસો કમાવવો એ ખોટું નથી, પરંતુ પૈસાનો દુર્વ્યર્ય કરવો એ ખોટું છે. લક્ષ્મીએ તો આપણી મા છે. મા નો ઉપભોગ ના થાય. લક્ષ્મીનો ઉપભોગ ના થાય, ઉપયોગ થાય. ઈશ્વરે લક્ષ્મી આપી હોય તો લક્ષ્મીના દાસ બનીએ, લક્ષ્મીના પતિ ના બનીએ. લક્ષ્મી નો પતિ તો એકલો નારાયણ છે. હું એવી લક્ષ્મી કમાઉ જે લક્ષ્મી મારા આત્માને ઉન્નત કરે, મારુ જીવન ઉર્ધ્વગામિ બનાવે એવી લક્ષ્મી ન જોઈએ જે મને જીવનભર રડાવે.

**સત્યનો રાહ**

તુલસીદાસે કહ્યું છે ———

''પાણી બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ,

દોનો હાથ ઉલેચીએ, યહીં સજ્જન કા કામ.''

નાવડીમાં પાણી ભરાય અને ઉલેચીએ નહીં તો નાવડી તોડૂબી જાય. ઘરમાં લક્ષ્મી વધે એને સારા માર્ગે વાપર્યે નહી તો લક્ષ્મી ચાલી જાય. પૈસો જરૂર કમાઈએ પરંતુ અધર્મની એક પણ પાઈ આવી ન જાય એનું ધ્યાન રાખીએ. લસણની એક જ કળી મણભર બાસુંદીને બગાડી નાખે છે. ઝેરનો એક પ્યાલો હર્યું ભર્યું જીવન રગદોળી નાખે છે. શક્તિ હોય છતાં ઉછીના લાવેલા પૈસા પાછા ન આપીએ એ અનિતિ! એક કહીને બીજુ આપીએ, ઈંગ્લીંશ કહીને દેશી આપીએ એ અનિતિ! આવી અનિતિની કમાણી રડાવશે. નિતિથી કમાયેલો પૈસો ધર્મમય કહેવાશે. સચ્ચાઈની કમાણી ભલે થોડી હશે, જીવનમાં શાંતિ આપશે.

**ધનને શુધ્ધ કરો**

ધનની શુધ્ધિ દાનથી થાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે તમારી કમાણીનો દસમો ભાગ સતકર્મ માટે અલગ કાઢો. તમે મહીને કમાવ એની જે આવક આવે એમાંથી દસમો ભાગ અલગ મૂકો. પ્રભુના નામે - પ્રભુકાર્ય માટે મૂકેલા ૧૦ ટકા તમને ફાવે તે સારા માર્ગે વાપરો. દવાખાનામાં આપો, ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા મદદ કરો. કોઈ જરૂરતમંદને આપો, અનાથાશ્રમમાં આપો અથવા વિધવાશ્રમમાં આપો, પણ આપો જરૂર! જો દરેક આવું કરે તો? સમાજમાં કોઈ ભુખ્યો ના રહે, કોઈ અભણ ના રહે, કોઈ લાચાર ના રહે.

**સહાય કરે રઘુવીર**

આ તો દસમો ભાગ આપવાની વાત છે. વાદળ તો બધું જ પાણી પૃથ્વી પર ફેંકી દે છે પાછા બાર મહીને હતા તેવા ને તેવા. વૃક્ષ પોતાની પાસેથી બધા ફળો આપી દે છે. પોતાના માટે એક ફળ પણ રાખતું નથી. બીજે વરસે પાછા એવા ને એવા 'ધરમ કીયે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર જરા કરી તો જુઓ.' પૂજ્ય મુરારીબાપુએ પણ કહ્યું છે કે આવકમાંથી દસ ટકા સારા કાર્યોમાં વાપરો. પગાર બે હજાર હોય તો બસો રૂપિયા કાઢો. સવાલ થશે કે બે હજારમાંથી આ જમાનામાં બસો રૂપિયા કાઢવા કેમ? ના ના આવી ગણતરી ના કરશો. સમજો પગાર ૧૮૦૦ રૂપિયા છે. પણ સાચા દીલથી બસો રૂપિયા અલગ કાઢશો તો કુદરતનો કરીશ્મા જો જો! કદાચ અણધાર્યો પગાર વધી જશે, કોઈ ઘરમાં બીમાર પડવાનું હશે તો નહી પડે અને મોટા ખર્ચામાંથી બચી જશો. આ ગેબી હાથ છે. આપણે શું જાણીએ? આમ દસ ટકા કાઢયા પછી જે ખાશો તે પ્રસાદ કહેવાશે. મહાપ્રસાદ બનશે નહીં તો ભગવદગીતાની ભાષામાં 'ચોર' કહેવાશે. કૃષ્ણ ભગવાન કહે છે, 'મારો ભાગ કાઢયા વગર જે ખાય છે તે ચોર છે.' એક સાધારણ માણસ આપણને ચોર કહે તો આપણને ગમતું નથી, તો ઈશ્વર ચોર કહે તો કેમ સહન થાય?

## 'પ્રભુ પરમ સત્યે તું લઈ જા'

ગઈ ગજુરી ભૂલી જાવ, જાગ્યા ત્યારથી સવાર. આજથી નિશ્ચય કરો કે મારે પાપ કરવું નથી. ઈશ્વરનો ભાગ અલગ કાઢવો જ છે. ૧૦૦ રૂપિયાની કમાણી થાય તો એમાંથી ૧૦ રૂપિયા અલગ મૂકી દો. ઈશ્વર તમારી પાસે આટલું જરૂર માંગે છે. જેમ તમારી કમાણીમાં સરકારનો થોડો ભાગ છે, તેમ ઈશ્વરનો પણ ભાગ છે. એક વાર કરી તો જુઓ. તમારા ઘરમાં કેવી શાંતી રહેશે. દીકરો દારૂ નહી પીએ, દીકરી સાસરે સુખી થાય. દીકરાઓ કલબોમાં ભટકશે નહી. મા-બાપનું સંતાનો માન રાખશે. સાસુ અને વહુ સંપીને રહેશે. દરેક સત્કાર્યમાં ઈશ્વરની શક્તિ જરૂર મદદ કરે છે. કીડીના આંતરડા બનાવનારના હાથ અને ઓજાર કેવા હશે? આ બ્રહ્માંડો કોની શક્તિથી લટકી રહ્યાં છે? આકાશ કોના આધારે વગર થાંભલે અધ્ધર ઉભું છે? સફેદ ઘઉં ખાઈને લોહીનો રંગ લાલ કોણ બનાવે છે? સુર્ય કોની આજ્ઞાથી નિયમિત ઉગે છે? એક પણ રવિવારે રજા પાડતો નથી. આ અદભૂત શક્તિને કોણ પાર પાડે?

મહાભારતનું યુદ્ધ પુરુ થઈ ગયા પછી ભગવાને અર્જુનનો રથ દૂર જંગલમાં ઉભો રાખ્યો. રથમાંથી ઘોડાઓને અલગ કર્યા પછી ભગવાને અર્જુનને રથમાંથી નીચે ઉતરી જવા કહ્યું. પછી ભગવાને જેવો રથ ઉપર રાખેલો હાથ હટાવી લીધો કે તરત રથ ભડભડ બળીને ખાખ થઈ ગયો. પ્રભુએ એ કહ્યું,'કૌરવોએ છોડેલા આન્યાસ્ત્રોએ તને ખાખ કરી નાંખ્યા હોત, મારી અદૃશ્ય શક્તિને કારણે તું બચી ગયો.'

ઈશ્વરની આ કૃપા શક્તિ આપણને દેખાતી નથી. પરંતુ તમે આરંભ કરેલું કોઈ કાર્ય નિવિઘ્ન પાર પડે તો સમજો કે ઈશ્વરની શક્તિએ કાર્ય પૂર્ણ થયું છે. તેથી સત્કાર્ય માટે થોડુંક ધન અલગ કાઢવાનું નક્કી કરજો. કોઈ સાથે કશું જ નથી લઈ ગયા. કરેલા કર્મો જ સાથે આવે છે. જો ધન અલગ નહીં કાઢો તો ઈશ્વર બીજી રીતે છીનવી લેશે. ઈન્કમટેક્ષવાળાને પ્રેરણા આપશે ને રેડ પડશે, ચોરી થશે, મોટી બિમારી આવશે પરાણે આપવું પડશે. ઈશ્વર કહે છે કે 'એકાદશી કરો' પરંતુ મનીરામ કહે ભુખ્યું કેમ રહેવાય? આપણાથી ભુખ સહન થાય નહીં તો ઈશ્વર કહે 'બેટા હવે જો જે' ટાઈફોઈડને આજ્ઞા કરી જા પેલાને ઘરે એને સુરણને મોરૈયો ખાવા મળતું હતું છતાં તે અગ્યારસ ના કરી તો હવે ૨૧ દિવસ રહેજે મગના પાણી પર.

એટલે જ કહીએ છીએ ઈશ્વરની અદભૂત શક્તિને ઓળખો. ઈશ્વર તમારી પાસેથી છીનવી લે એ પહેલાં તમે જાતે આવકનો દસમો ભાગ ઈશ્વરને અપર્ણ કરી જીવન કૃતાર્થ કરજો. - ***(મુરારીબાપુના પ્રવચનમાંથી)***

***- અમીતા અજીતકુમાર પરીખ***

૧૯૫૬ - ૨૦૦૬ જ્યોતિ-પૂંજ



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબૅન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

સૌ ઈન્ડોર રમતોમાં 'હાઉસી' નું સ્થાન અનન્ય છે. તેની શરૂઆત કદાચ ઘરની અંદર બેસીને રમવાથી થઈ હોવાને કારણે તેને 'હાઉસી' કહેતા હશે. આજકાલ આ રમત બેહદ લોકપ્રિય થઈ છે. તેની અપ્રતિમ લોકપ્રિયતાને કારણે જ તેમાં દિન પ્રતિદિન હાજરી વધતી જાય છે. આથી આ રમત ઘરની અંદરથી નીકળીને મોટા હોલમાં કે મેદાનમાં રમાતી થઈ છે.

'હાઉસી' નું નામ સાંભળતા જ રમનારા તેમજ રમાડનારાઓમાં ઉત્સાહનું વાતાવરણ સર્જાય છે. આનંદથી સમય પસાર કરવા માટે એ ઉત્તમ રમત છે. તેની સાથે નસીબ પણ જોડાયેલું હોવાથી તેમાં પ્રતિક્ષાનું તત્ત્વ પણ ભળે છે. તો આવો અને તૈયાર થઈ જાવ! આપણે આગામી કાર્યક્રમ 'હાઉસી' રૂપે રાખવામાં આવ્યો છે.

**તારીખ** : ૭મી માર્ચ, ૨૦૦૭ને બુધવાર
**સમય** : બપોર ૩ થી ૬
**સ્થળ** : સેવા સદન સોસાયટી (ગામદેવી)

આ રમત આપણને પ્રખ્યાત અને જાણીતા મી. પરેરા રમાડશે. જેઓ ગરવારે કલ્બ, એમ.એસ.સી.ટી., ડબલ્યુ.આઈ.એ.એ. કલ્બ વગેરેમાં આ રમત સાથે સંકળાયેલા છે.

આ રમતનો પાસ તા. ૨ જી માર્ચને શુક્રવારે ૩ થી ૫માં રૂા. ૩૦/- ભરી મંડળની ઓફીસમાંથી અથવા કોઈપણ કમીટી બહેનો પાસેથી મેળવી લેવા.

આશા રાખીએ છીએ કે આપ સૌ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવશો. અને રમતનો આનંદ માણશો.

**નોંધ :** આવનાર બહેનોને એક ટીકીટનો સેટ તથા એક પેન આપવામાં આવશે.

*- સંયોજક - નીના કડકીઆ*
*૨૩૬૭૩૪૨૦ - ૯૮૨૦૨૭૭૭૮૯*



## શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) પુરુસ્કૃત
# ટેલીફોન ડીરેકટરી ૧૦મી આવૃત્તિ
## જાહેરખબર બાબત સુધારો

Well wisher 'stripe' on each page આ જાહેરખબરમાં ફક્ત વ્યક્તિનું નામ અને જે જે શ્રી ગોકુલેશ આવશે.
ટેલિફોન ડીરેક્ટરીની 'ડમી' બુકમાં જેનું નામ ન હોય અથવા ફોર્મ ભર્યું ન હોય એમણે ટેલિફોનના ફોર્મ ભરી મોકલી આપવા. બાલાસિનોર, બહારગામ, આઉટ ઓફ ઈન્ડિયા રહેતા બાલાસિનોરવાસીઓના નામ રહી ગયા હોય તો તેમના સગાસંબંધી ફોર્મ ભરીને મોકલી આપે.

*સંયોજક : હેમેન્દ્ર શાહ, ફોન : ૨૮૦૫ ૦૭૩૫, ૯૮૨૦૦ ૧૧૫૮૬*
*મંત્રી : પ્રદીપ કડકીઆ, ફોન : ૨૨૦૧ ૮૩૨૬, ૯૮૧૯૩ ૮૯૪૮૪*

# મહિલા વિભાગના આગામી કાર્યક્રમો માટે :-

મહિલા વિભાગ આજે એક પરિપકવ યુવાનીના ઉંબરે ઉભો છે. આપણી મહાન અને ઉમદા સંસ્થા શ્રી બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ ચાલતો મહિલા વિભાગ કર્તવ્યની કેડી પર પ્રતિ વર્ષ સુદંર કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરી પ્રવૃત્તિઓનું ફલક વિસ્તારતો રહે એ નિહાળી સમાજના ઉદારદીલ સંસ્થાના નિષ્ઠાવાન કાર્યકર્તાઓ તથા સભ્યો બહેનો ગૌરવ અનુભવે એ સ્વાભાવિક છે.

સભ્ય બહેનોના સાથ અને સહકારને કારણે જ પ્રતિવર્ષ નવીન કાર્યક્રમોનું આયોજન કરવાની પ્રેરણા મળે છે. ભવિષ્યમાં પણ મહિલા વિભાગ સુદંર, સુયોજિત અને રસિકમય કાર્યક્રમોનું આયોજન કરી શકે એ માટે અને સહુ સભ્ય બહેનોના `Involvment' સાથ, સહકાર, માર્ગદર્શન, સુચનો વિ.વિ.ની ખાસ જરૂર છે. આ માટે મહિલા વિભાગ દ્વારા `Fish Pond' નું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૭ મી માર્ચના મહિલા વિભાગના કાર્યક્રમમાં એક Suggestion Box રાખવામાં આવશે. એપ્રિલ ૨૦૦૭ થી યોજવામાં આવનાર કાર્યક્રમો માટે આપના સૂચનો એક પેપર પર લખી, આપનું નામ લખી Suggestion Box માં નાખવા વિંનતી.

આપના તમામ સૂચનોની ચર્ચાવિચારણા કરવામાં આવશે અને શક્ય હશે તેનો અમલ કરવા જરૂરથી પ્રયત્ન કરવામાં આવશે. સર્વશ્રેષ્ઠ એવા ત્રણ સૂચનોને એપ્રિલ મહિનાના કાર્યક્રમમાં ઈનામ આપવામાં આવશે. કહેવાય છે કે

***પથ્થર ઘડાય તો મૂર્તિ બને, સંસ્થા ઘડાય તો સંસ્કાર બને***

ઘડવાનું કામ લોકશાહીમાં લોકોનું છે. SMS લોકોની રાજના આ યુગમાં આપ આપના સૂચનો દ્વારા જરૂરથી અમને સહકાર આપશો.

***- મિનોતી પંકજ શાહ***

***- ૯૮૯૨૦૧૯૮૧૮ - ૨૩૮૧૨૮૩૬***

---

## શા માટે કરે તું પશુવેડા

આ પાપનાં પોટલાં બાંધીને  
ક્યાં જઈશ તું?  
જવાબ આપવો પડશે તારે,  
ફળ ભોગવવા પડશે તારે,  
કરેલા ખરા-ખોટા કર્મોના,  
ભલે ભેગી કર ધન-દૌલત,  
પણ તું સમજે તો,  
ભૂખ્યાંને અન્ન દાન દઈને,  
ગરીબને આંતરડી ઠારીને  
થોડું બાંધીલે પુણ્યનું ભાથું

***- સુરેશ પરીખ 'સુલપ'***

## વૈરાગ્ય

માયા, મોહ, મમતા ત્યજીને  
મન 'વૈરાગ્ય' તરફ ઢળતું રહ્યું!  
અંત સમયના જીવન ટાણે, વૈરાગ્ય હવે વધતું ગયું  
ઘટતું રહ્યું આ શુષ્ક જીવન, શું કંઈ કહેવા માગે રે!  
મારું, તારું, છોડરે મનવા, ના કોઈ સંગ (તુજ) આવે રે  
અધિક હોવા છતાં, મનને અજંપો સતાવે રે!  
લાવ, લાવ, કરતું રડતું રહ્યું, ના તુજ સંગાથે આવે રે.  
દેહ ઢળ્યો, 'કાઢો કાઢો' ના સાદ પડયા.  
અંગતો રડયા, માયા થકી રે મનવા, બીજાને શું?  
સૌ ઘર ભેગા થયા  
રવીવારે ના ગયો, આજનો દિ' બગડયો  
મોતનો ભરસો શું?  
કરતો જા સૌનું ભલું!

***''ચાંદશા'' ચંદ્રકાંત શાહ (ચટઈ)***

# ૭૦૦ ચોરસ ફૂટથી ૮૦,૦૦૦ પ્લસ ચોરસ ફૂટના સામ્રાજયનો વિસ્તાર કરતું ગાંધી કુટુંબ

*- પ્રવીણ દેસાઈ*

યસ, આજે આ પાના પરથી મારે એક એવા ઉદ્યોગપતિની વાત કરવી છે, જેમણે મુંબઈની ૭૦૦ સ્કવેર ફૂટની ફેકટરી છોડી વલ્લભ વિદ્યાનગર (આણંદ) માં ૮૦,૦૦૦ + ચોરસ ફૂટના સામ્રાજય પર આધિપત્ય જમાવ્યું છે. આ એ ગાંધી કુટુંબ છે જેના મોવડી શ્રી જયંતીભાઈ ગાંધી છે. એમને બે મજબૂત ખભા સંજય-રાજુનો સધિયારો સાંપડયો છે. ગાંધી કુટુંબ એટલે શ્રી જયંતીભાઈ ગાંધી એમના પુત્રો સંજય અને રાજુ. પુત્ર વધૂઓ ભાવના અને મોના. એમના સંતાનો અનુક્રમે અંકિત-અમી અને આદિત્ય.

મારું ટોડી ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ - લોઅર પરેલમાં પ્રેસ હતું ત્યારે વલ્કન ઈન્ડસ્ટ્રીઅલ એંજીનીઅરીંગ કાું. ના નામે જયંતીભાઈની અંદાજે ૭૦૦ ચોરસ ફૂટની ત્રીજા માળે ફેકટરી હતી. સાવ નાના પાયા પર શરૂ કરી એમણે વિદ્યાનગરમાં વિશાળ ઔદ્યોગિક સંકુલનો વિસ્તાર કર્યો છે. અંતરંગ મિત્ર દિનકર શાહના સંબંધે જયંતીભાઈને અવરનવર મળવાનું બને. ઘણા વખતથી એમના સાહસ વિશે લખવા મારું મન ઉત્સુક હતું. આ વખતે તા. ૫.૧૨.૦૭ના દિને 'વલ્કન ઈલેવન' સાથે આપણે 'નવયુવક સંઘ ઈલેવન'ની ક્રિકેટ મેચ યોજાઈ તે સંદર્ભે વિદ્યાનગર જવાનું થયું ત્યારે એક ધક્કો મળ્યો અને એમની ઔદ્યોગિક, સાહિત્યિક પ્રવૃત્તિ વિષે એમના જ્યેષ્ટ પુત્ર સંજય ગાંધી સાથે શાસ્ત્રી સ્ટેડિયમ પર નિરાંતે વાતો કરવા મળી. જેના ફળ સ્વરૂપ એની સાથેની મુલાકાતના અંશ સવાલ-જવાબ રૂપે અત્રે રજૂ કરું છું.

**પ્ર.દે.** : સંજય તમે મુંબઈ જેવું શહેર છોડયું અને વિદ્યાનગર આવ્યા તે વર્ષ કયું?

**સંજય** : ૧૯૮૫-૮૬નું એ વર્ષ, અમે વિશાળ પાયે ઉત્પાદન કરવા માગતા હતા. મુંબઈની જગા ખૂબ નાની હતી.

**પ્ર.દે.** : શા માટે વિદ્યાનગર-ગુજરાત જ પસંદ કર્યું?

**સંજય** : ચાર મુખ્ય મુદ્દા (૧) પાણી પુરવઠો (૨) કેળવણી (૩) પર્યાવરણ (૪) આંતર માળખાકીય સવલત - ઈન્ફ્રા સ્ટ્રકચર અને લેબર.

**પ્ર.દે** : આ વિઝન કોનું?

**સંજય** : અલબત્ત, મારા પપ્પા જયંતિભાઈ ગાંધીનું.

**પ્ર.દે.** : કઈ કઈ આટમોનું ઉત્પાદન કરો છો?

**સંજય** : ડ્રીલ પાઈપ્સ આજે ગૌણ બની ગઈ. મુખ્ય ગિયર બોક્ષીસ

**પ્ર.દે.** : મુંબઈ કેટલો વખત કામ કર્યું?

**સંજય** : લગભગ અંદાજે ૧૪-૧૫ વર્ષ

**પ્ર.દે.** : હાલની ફેકટરીનો એરિયા કેટલો?

**સંજય** : ૮૦,૦૦૦ પ્લસ સ્કવેર ફૂટ. આ ઉપરાંત વિઠ્ઠલ ઉદ્યોગ નગરથી થોડે દુર ન્યૂ વિદ્યાનગર નજીક ૧૮ એકરનું ફાર્મ (અહીં બંને ટીમના ક્રિકેટરો, આમંત્રિતો તેજમ કુટુંબીજનો માટે સાયં ભોજન-ડીનરની અફલાતૂન વ્યવસ્થા કરવામાં આવી હતી.:

**પ્ર.દે.** : અત્યારે વાર્ષિક ટર્નઓવર તેમજ સ્ટાફની સંખ્યા?

**સંજય** : ૬૦ કરોડ, ૩૦૦ કર્મચારીઓ, ફાર્મ માટે ૨૦ કર્મચારી જુદા

**પ્ર.દે.** : આટલો મોટો સ્ટાફ હોવાથી કોઈ લેબરાના પ્રશ્નો યુનિયન વગેરે વિશે જણાવશો?

**સંજય** : આ બાબતમાં અમે નસીબદાર. ગુજરાતમાં લેબરના પ્રશ્નો ખાસ નથી. અમારે ત્યાં આજ પર્યંત બિલકુલ નહીં, યુનિયન પણ નથી. અમારું એક વિશાળ કુટુંબ છે. કદાચ કોઈ પ્રશ્નો ઉદભવે તો મનમેળથી અરસ-પરસ સાથે બેસી ઉકેલી લઈએ.

**પ્ર.દે.** : નિકાસ-અક્ષ્પોર્ટ કેટલું કરો છો?

**સંજય** : ટર્નઓવરના દસ ટકા. અંદાજે ૬-૭ કરોડ.

**પ્ર.દે.** : ભાવિ વિકાસનો કોઈ નકશો-પ્લાન?

**સંજય** : અલબત્ત અત્યારે જે સ્થળે ફેકટરી છે ત્યાંથી ૧૫ કિલોમીટર દૂર સુણાવ ગામ નજીક ૨૨ એકર જમીનમાં ૯૦,૦૦૦ ચોરસ ફૂટનું બાંધકામ શરૂ થઈ ગયું છે. ૨ કિલોમીટર લાંબી દિવાલ બની રહી છે. ફેકટરી તૈયાર થતાં બે વર્ષ જેટલો સમય લાગશે. ત્યારે અમે ૨૫૦-૩૦૦ કરોડનું ઉત્પાદન કરવાનો લક્ષૉયાંક રાખ્યો છે.

**પ્ર.દે.** : તમે બે ભાઈઓ ખભેખભા મિલાવી કામ કરો છો, તમારા કાર્યક્ષેત્ર અંગે જણાવશો?

**સંજય** : હું વેચાણ - સેલ્સ સંભાળું છું. આ માટે દેશ-વિદેશ જવું પડે. રાજુ ઉત્પાદન - પ્રોડકશન પર ધ્યાન આપે. અલબત્ત નીતિન પણ દેશમાં કામ અંગે અવરજવર કરતો રહે છે.

**પ્ર.દે.** : પપ્પા, જયંતિભાઈનું કાર્યક્ષેત્ર?

**સંજય** : હવે, ૮૦ + ઉંમરે એમને શું કરવા કામ કરવું પડે? એ કેવળ અમારા સલાહકાર. બે-ત્રણ કલાક ફેકટરી પર આવી ઓફિસમાં બેસે. આવશ્યક હોય ત્યારે જ સલાહ-સૂચન આપે. અન્યથા એમને વાંચન-લેખનમાં જ પ્રવૃત્ત રહે છે (મને જયંતિભાઈની વાંચન-લેખન પ્રવૃત્તિનો નજદીકી અનુભવ છે. ગીતાની ગાઈડ સમુ પુસ્તક લખ્યું છે. કૃષ્ણ વિષે પણ એકાદ પુસ્તક આપણને મળવાની સંભાવના ખરી. એમનો શોખ બહુવિધ. પુરાતત્વ, કલા, સંગીત અને આર્ટ પેઈન્ટીંગ પ્રત્યેની એમની અભિરૂચીનો તો એમના મહેલ જેવા મકાનમાં નજર કરીએ તો જ ખ્યાલ આવે. પોતે બોલે ઓછું પણ કોલેજની વ્યાખ્યાન પ્રવૃત્તિ માટે વ્યાખ્યાતાઓ ઘણા વર્ષોથી મેળવી આપે.)

**પ્ર.દે.** : વિદ્યાનગર - બાર કરોડ રૂપિયાના વિશાળ 'મંજુલ' બંગલામાં રહેવાનું કેવું લાગે છે?

**સંજય** : ખૂબ જ આરામદાયક. તમે તો મકાન અંદર-બહારથી જોયું છે. પહેલા સ્વીમીંગ પૂલ પણ હતો. આજુબાજુ નવા મકાનો થતાં તે પુરાવી દીધો. અમારા કુટુંબ સાથે કામ કરવાવાળા કર્મચારીઓ, ડ્રાઈવરો વગેરે કુટુંબીજનોની માફક જ રહે છે.

**પ્ર.દે.** : વ્યવસ્યા અંગે કે કૌટુંબિક સામાજિક પ્રસંગોએ અહીં મહેમાનોની અવરજવર થતી હશે. એ બધાંને કેવી રીતે સાચવો છો?

**સંજય** : અમારે સાચવવા પડતા નથી. આ કામ અમારી ગૃહિણીઓ ભાવાના - મોના બખૂબી સંભાળી લે છે. તમે તો સાક્ષી છો. આજે આવેલી ક્રિકેટ ટીમની આગતા-સ્વાગતામાં તમને કોઈ કચાશ નજરે આવી છે?

**પ્ર.દે.** : મારે કબૂલ કરવું પડશે કે તમારું કુટુંબ એક અચ્છું યજમાન કુટુંબ છે.

**પ્ર.દે.** : તમારી વ્યાવસાયિક કંપનીઓ કેટલી?

**સંજય** : (૧) વલ્કન ઈન્ડસ્ટ્રીઅલ એંજીનીઅરીંગ કું. પ્રા.લિ. (૨) વલ્કન ટૅકનો પ્રાઈવેટ લિમિટેડ (૩) વલ્કન ગિયર્સ

---

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

બાલાસિનોરના વૈષ્ણવો જોગ,

તા. ૧૮.૨.૨૦૦૭ને રવિવારે મુંબઈમાં ફગવા ઉત્સવ પ્રસંગે પ.પૂ. ૧૦૮ શ્રી વલ્લભબાવા મહોદય અત્રે પધારવાના છે. તો જે વૈષ્ણવોને પૂજ્ય બાવાશ્રીની પધરામણી કરવી હોય તેઓ શ્રી નવીનભાઈ પરીખ (સરકાર) અગર શ્રી બીપીનભાઈ કીરતનલાલ દોશીને ફોનથી સંપર્ક સાધવા વિનંતી છે.

*લિ.*

***મંત્રી - બીપીન કીરતનલાલ દોશી***

પ્રકૃતિની ગોદમાં, શાંત-રમણીય નગરમાં આ કુટુંબ વસ્યું છે. આ એજ વલ્લભ વિદ્યાનગર છે, જેના વિશ્વકર્મા સ્વ. ભાઈલાલભાઈ પટેલ ગુજરાતના સપૂત અને એક દૃષ્ટિવંત ઈજનેર હતાં. ૧૯૪૭-૧૯૪૮માં હજુ આ નગરના પાયા નંખાઈ રહ્યા હતા ત્યારે ત્યાં જવાનો અવસર પ્રાપ્ત થયો હતો. ચારે બાજુ વિશાળ ખેતરો, ચરોતરની જમીન, નકશાપ્રમાણે કામ પર દેખરેખ રાખતા ભાઈલાલભાઈ. જે વૃક્ષ નીચે તેઓ બેસતા તે આજે ય એમની સ્મૃતિ સાચવતું અડીખમ ઊભું છે.

મુંબઈ શહેર અને આસપાસ અનેક મુશ્કેલીઓ વેઠી કામ કરતા આપણા ઉદ્યોગપતિઓને જોઉં છું ત્યારે આ નગર છોડી સાધન-સંપન્ન થયેલ કુટુંબની વિકાસગાથાથી અચરજ થાય છે.

આપણી ક્રિકેટ ટીમે જે મહેમાનગતિ માણી તે જોયા પછી નિખિલ પરીખે અહીં પ્રતિવર્ષ આવવાની ઈચ્છા વ્યક્ત કરી તે ન કરી હોત તો જ આશ્ચર્ય થાત!

હેમંતની હાડ ધ્રુજાવી દેતી ટાઢમાં ઘાણા ગામના ૧૮ એકરના ફાર્મ પર ઢળતા સૂરજ અને ચંદ્રોદયની શાખે સમય પસાર કરવા બધા અંતાક્ષરી રમવા બેઠા ત્યારે ઘડીભર થયું, સમય થંભી ગયો છે! અંતાક્ષરીમાં સૌએ મનભરી ગીતો ગાયાં, આ બધામાં મોખરી રહ્યા જીતુભાઈ ચકવા - કોચીનવાસી. એમની પાસે ગીતોનો અખૂટ ખજાનો હતો. જતીન દેસાઈ પણ એમને જવાબ આપવા સક્ષમ રહ્યો.

ક્રિકેટરોને રાત્રિના દસ વાગે વિદાયમાન અપાયું ત્યારે સૌ ભાવ-વિભાર થઈ ગયા. સંજયે ક્રિકેટ ટીમને આવકારવા રજૂ કરેલ સૂચનો - નો ડ્રીન્ક, નો સ્મોકીંગ અને ગૃહપ્રવેશે નો શૂઝનો બહુધા અમલ થયો. ભવિષ્યમાં આપણા ખેલાડીઓ અહીં રમવા જાય ત્યારે યજમાનના આટલા સૂચનો નજર-અંદાજ નહી કરે એવી અપેક્ષા.

આભાર, જયંતિભાઈ ગાંધી અને કુટુંબીજનોનો. ક્રિકેટનો બીજો મોરચા ખોલી આપવા બદલ.

✤✤✤✤✤


# શ્રી બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લિમિટેડ

**વિજય શ્રી કો.ઓપ. સોસાયટી લી.**

**૯૮/૧૦૬, તાતીયા ગોરપુરે માર્ગ, એસ/૪ મુગભાટ લેન, ગીરગામ, મુંબઈ - ૪૦૦ ૦૦૪**

**ફોન : ૨૩૮૮ ૬૧૧૮ - ૨૩૮૮ ૭૭૮૯**

માનનીય ગ્રાહક બંધુઓ તથા શેર હોલ્ડર બંધુઓના આટલા વર્ષોના આપના સાથસહકાર બદલ આપનો આભાર, ચાલુ વર્ષે પણ અમોને આપ સૌ સંપૂર્ણ સાથસહકાર આપી અમારા કાર્યકર્તાઓને વધુ ઉત્તેજન આપશો.

અમને જણાવતા હર્ષ થાય છે બારે માસ ભરવા લાયક **ચોખાની વિવિધ જાતો** જેવી કે...

**કોલમ, આંબામોર, પરીમલ, બાસમતી આખા, બાસમતી પોણિયા, બાસમતી ટુકડા** જે પ્રતિષ્ઠિત કંપનીની મળશે.

વધુમાં દરેક જાતના ઘંઉ, ચોખા, મગ, મગની દાળ, ચણા દાળ, તુવેર દાળ, લાલ ચણા, કાબુલી ચણા, મઠ, વાલ, વાલની દાળ, ખજૂર લાલ - કાળુ, સુકો મેવો, બદામ, કાજુ, કીસમીસ, અંજીર, આલુ, એલચી પણ મળશે.

ખાંડેલુ લાલ મરચું, રેશમ પટ્ટી, કાશ્મીરી ધાણાજીરું, હળદર, ગરમ મસાલો, જીરું, અજમો, રાઈ, મેથી, લવિંગ, મરી, તજ, સૂંઠ પાવડર, પીપરીમુળ પાવડર, આમચુર પાવડર વગેરે.

**વ્યાજબી દરે ૧૫ કિલો હોય તો ઘેર બેઠા ફ્રી હોમ ડીલીવરી કરવામાં આવશે.**

*- જયંતિલાલ સાકરલાલ ધારિયા (દલાલ) - ચેરમેન*

**બાલાસિનોરવાસીઓને ખાસ વિનંતી કે ગ્રાહક મંડળીને પોતાની સમજી ત્યાંથી જ ઘરવપરાશની વસ્તુઓની ખરીદીનો આગ્રહ રાખશો.**

# Shree Balasinor Navyuvak Sangh
# BNS Lalkha Trophy Cricket Tournament

Year 2006-2007, BNS team playe three matches in home town at Balasinor for Shri Dilipbhai M. Dharia Sponsored BNS Lalkha trophy cricket tournament

**1st Match against Sarvoday team on 4.1.07**

BNS scored 150/all out in 34 overs

Sheetan Kadakia - 41 runs, Jigar Parikh - 23 runs

Bhavesh Patel - 3 wickets

Sarvodaya team all out for 89 runs

Shramik Kadakia - 4 wickets & Sameer R. Desai - 2 wickets BNS team won by 60 Runs.

**3rd match BNS V/s. Babi Team 6.1.07**

BNS scored all out 109 Runs 30 overs

Ravish Desai - 32 Runs, Samir R. Desai - 20 runs

Salim - 5 wickets

Babi team scored 111 runs for 2 wickets in 14 overs

Dilip - 58 runs, Samir Desai & Jigar Parikh 1 wicket each

Babi team won by 8 wickets.

**4th Match BNS V/s. Patel team 7.1.07**

BNS scored 112 Runs all out in 31 overs

Sandeep Dharia - 31 Runs, Naseem & Masood - 3 wkts

**Patel team scored 114 runs, 3 wickets in 20 overs**

Sailesh Patel - 33 Runs,
Hitesh Patel - 25 Runs

Patel team won by 7 wickets

For the 1st time in the history of Balasinor cricket.

BNS team played 1st ever match at Vallabhvidhyanagar

against "VALCAN XI" team on 5.1.07

Batting 1st Valcun XI was allout for 99 runs

Pinak - 38 Runs, Samir R. Desai - 4 wickets & Jigar Parikh 2 wickets

BNS scored 103 for 3 wkts in 16 overs

Sandeep Dharia - 46 Runs, BNS won by 7 wickets.

During the Fanction at Anand the sponsore of the full match MD of valcun CO Mr. Jayantibhai Gandhi gave away momentos to best player of the match, Best Batsman, Best All rounded & Best Bowler. Also he gave a trophy to BNS team winner captain Mr. Sandeep Dharia.

Mr. Gandhi family gave tremendous welcome to all the player as well as guest who join the team from Mumbai (Details

are given in this issue else where) & he showed his wishes is organise a rotating trophy as "BNS - Valcun Trophy" for every year to be played at Anand.

Over all over BNS team has won 2 matches & lost 2 matches during this 06-07 season & hence BNS lalkha trophywill remain with local team of Balasinor at Balasinor.

***- Conveyor - Rupin P. Kadakia (Bera)***

✤ ✤ ✤

# Shree Balasinor Navyuvak Sangh

**Organised**

# Poonamchand Bera:

**Sponsored**

# Double Wicket Cricket Tournament

**18.2.2006 sunday 9.30 a.m.**

Wilson College Gymkhana
Marine Lines, Mumbai - 400 002

**Entry Fee Rs. 100**
**(Rs. One Hundred only)**

(Name to be given on
first come first serve)

***Nitin J. Parikh - Tel. 23423207***
***Jatin N. Desai -***
***Tel. 22060090 / 22001659***

***- Conveyor - Rupin P. Kadakia (Bera)***

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ દાન માટે મળેલ વચનોની યાદી

૧. સ્વ. સુલોચનાબેન બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) ન્યાસફંડ.............. રૂા. ૧૦૦,૦૦૦/-
હસ્તે : તેમના સુપુત્રી કાશ્મીરાબેન તરફથી માતુશ્રીની ૫૧મી પુણ્યતિથિ નિમિત્તે

૨. શ્રીમતી તારાબેન ઓચ્છવલાલ પ્રાણલાલ પારેખ અને કુટુંબીજનો.... તરફથી રૂા. ૫૦,૦૦૦/-
(દાતા તરફથી આગળ ઉપર મળેલ રૂા. ૧૦૧૧૧૧/-ના ન્યાસફંડમાં રકમ ઉમેરતા ન્યાસફંડની કુલ રકમ રૂા. ૧૫૧,૧૧૧/- થાય છે.)

૩. શ્રી જીતેન્દ્ર મોહનલાલ શાહ (ચકવા)
હસ્તે : તેમના પુત્ર મિહિર તરફથી રૂા. ૨૫,૦૦૦/-

**લગ્ન પ્રસંગ નિમિત્તે મળેલ દાન વચનની યાદી**

૧. શ્રી વિનીત નટવરલાલ દેસાઈ (દેડકી)
રૂા. ૫૧,૦૦૦/-

૨. શ્રી રાજેન્દ્ર કાંતિલાલ શાહ (ઉજડાવાળા)
રૂા. ૨૫,૦૦૦/-

૩. શ્રી શાંતિલાલ મોજીલાલ શાહ (ખડગોધરાવાળા) ન્યાસફંડ...... હસ્તે તેમના પુત્ર પંકજભાઈ તરફથી
રૂા. ૧૧,૦૦૦/-

૪. શ્રી પિયુષ કીર્તનલાલ પરીખ
રૂા. ૧૧,૦૦૦/-

મંડળની કારોબારીના સર્વે સભ્યો તેમજ ટ્રસ્ટીગણ દાતાઓનો આભાર માની હર્ષની લાગણી અનુભવે છે.

***- અસીત રમેશચંદ્ર દેસાઈ***
***કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)***
***માનદ મંત્રીઓ***

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

**લગ્ન પ્રસંગે નોંધાયેલ દાન વચનની યાદી**

૧. શ્રી નીતીન પ્રવિણચંદ્ર કચેરીયા ના સુપુત્ર અતીથના લગ્ન પ્રસંગે તા. ૨૫.૧.૦૭ રૂા. ૧,૧૫,૦૦૦/-

૨. શ્રી અભય રમેશચંદ્ર શાહ (નગરશેઠ) ની સુપુત્રી તન્વીના લગ્ન પ્રસંગે તા. ૨૫.૧.૨૦૦૭ રૂા. ૧૧,૦૦૦/-

***- ભંડોળ સમિતિ વતી - રાજેન્દ્ર દેસાઈ***

### સુધારો

**દાન માટે આપેલ વચનોની યાદી**

રૂા. ૫૧,૦૦૦/-

યોગેશ નટવરલાલ દેસાઈ ને બદલે

શ્રીમતી સાવીત્રીબેન નટવરલાલ દેસાઈ વાંચવું

### LCA (London college of Accountancy) Smashes ACCS 2.2 record

24 years old LCA students **DARSHAN YOGESH PARIKH** (Junagadhwala) has **"FLABBERGASTED"** college chief Ravi Gill and tutor Narain Singh after scoring a world record **99 %** in June's corporated and business Law paper.

The amazing Feat has never been achieved before on the discussion-based paper 2.2,

The result was more astonishing as it was his 1st ACCA Sitting, having had exemptions from part 1 paper he also achieved 78 % in 2.1 and 70 % in 2.3. DARSHAN PARIKH from Bombay will be awarded ACCA's Certificate of Merit Later this year.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સરનામું બદલી તથા નવું સરનામું જ્યોતિપુંજના પ્રકિર્ણ વિભાગમાં આપવા બાબત

**સર્વે આજીવન સભ્યોને ખાસ વિનંતી કે તેઓએ તેમનું રહેઠાણ બદલી કરેલ હોય અને તેમને પોતાના નવા સરનામે જ્યોતિપુંજ મંગાવવું હોય તો અરજીની બે કોપી આપવી અને જ્યોતપુંજ પ્રકિર્ણ વિભાગમાં આપવું હોય તો અરજીની ત્રણ કોપી આપવી જરૂરી છે. સાથે અરજીમાં પોતાના જુના રહેઠાણનું સરનામું તથા આજીવન સભ્ય નંબર અથવા જુના જ્યોતિપુંજનું રેપર હોવું જરૂરી છે.**

***લી. - મંત્રી - પ્રદીપ કડકીઆ***

## નવા સરનામાં

૧ ) **મોદી પરેશ કાંતીલાલ - મોદી નિતીના પરેશ**
૨૦૨, ન્યુ ગાંજાવાલા ટાવર, ૨ જે માળે,
સાને ગુરુજી માર્ગ, આઈસ ફેકટરીની સામે,
સુમન જ્વેલર્સની બાજુની ગલીમાં,
તારદેવ, મુંબઈ - ૪૦૦ ૦૩૪
ફોન : ૨૪૯૬૮૭૩૭ - મો. : ૯૮૩૩૮૪૨૮૬૩

૨. **રજનીકાંત એસ. ધારીઆ**
૧૮૦૪, ૧૮મે માળે, સિધ્ધેશવિલા,
૧ લો પારસીવાડો, ઓફ વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪
મોબાઈલ નં. : ૯૮૩૩૦૮૪૩૫૬

૩. **રાજેશ કીર્તનલાલ ધારીઆ**
કલાબેન કીર્તનલાલ ધારીઆ
ખેતવાડી મેઈન રોડ, શ્રીપતી કેસલ 'સી' વીંગ ૧૨૧૩,
મુંબઈ-૪૦૦૦૦૪ મો.નં. ૯૮૨૦૧૧૨૨૫૬

૪. **કમલેશ એન. ત્રિવેદી**
૧૧૩, વિકાસ નગર, તાંદલજી રોડ,
રાજવી ટાવર્સ પાછળ, ઓલ્ડ પાદરા રોડ,
વડોદરા- ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૪૧૫૬૧
મો. ૯૮૨૪૩૨૬૦૩૬ - ૯૩૭૪૦૭૭૦૬૪

૫. **હિરેન્દ્ર એન. કડકીઆ**
પ્લોટ નં. ૨૭૮/૨૯૬, RSC ૨૧, ગોરાઈ-૨.
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૧
ફોન : ૬૫૦૧૮૬૭૨ - ૬૫૭૩૮૮૪૩

## નવા ફોન નંબર

૧ ) **પ્રવીણચંદ્ર (બાબુભાઈ) ચીમનલાલ શાહ**
ઘર : ૨૩૬૨૮૧૧૫ મો. - ૯૮૩૩૫૧૦૯૦૨

૨ ) **મહેશ રસિકલાલ પરીખ (લેહંટા)**
ઓ : ૨૫૧૪ ૭૪૬૧ (ઘર) ૨૫૧૩ ૧૩૨૫
મો.- **મહેશ** - ૨૦૫૫૨૮૯૯
**કેતકી** - ૯૮૬૯૮૩૯૫૮૦
**દેવાંગ** - ૯૮૬૯૩૦૨૩૦૦

૩) **કલાબેન કાંતિલાલ દેસાઈ**
**પરેશ કાંતિલાલ દેસાઈ**
ઘર : ૬૫૨૯ ૯૪૬૮

## શુભ લગ્ન

૧. રીધ્ધી શૈલેષ નટવરલાલ દેસાઈ
રીશી અતુલ બાબુલાલ શાહ (વસનજી)

૨. અતીત નીતીન પ્રવીણચંદ્ર કચેરીયા
તન્વી અભય રમેશભાઈ શાહ (નગરશેઠ)

## પ્રકીર્ણ વિભાગ

- **મેઘા** સુજીતભાઈ કડકીઆ પુના યુનીવર્સીટીમાંથી MSC in Health Science (Dietetics) ની પરીક્ષામાં ૯૦ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | **ઉમંર** |
|---|---|
| કોકિલાબેન શશિકાન્ત કડકીઆ (ધરીવાલા) | ૬૭ |
| મણીબેન સાંકરલાલ પરીખ (વેલી) | ૯૭ |
| ચંદ્રકાંત ચીમનલાલ મોદી (પેપરવાલા) | ૭૨ |

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**